ટેલ ઓફ ઓરીગ્સ

પેક – ૩




# ઓરીંગટનમાં ઊજવણી

બુક - ૧૦

# ત્રિમંત્ર









નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં
ૐ નમો ભગવતે વાસુદેવાય
ૐ નમઃ શિવાય
જય સચ્ચિદાનંદ


પ્રકાશક:

દાદા ભગવાન આરાધના ટ્રસ્ટ

૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ

ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

E-mail: info@dadabhagwan.org

Website: www.dadabhagwan.org



©: All Rights Reserved – Dada Bhagwan Aradhana Trust

Address as above



મુદ્રક:

અંબા ઓફસેટ

B – ૯૯, ઈલેક્ટ્રોનિક જી.આઈ.ડી.સી., K– ૬, સેક્ટર – ૨૫, ગાંધીનગર

ગુજરાત (ભારત) ફોન: (૦૭૯) ૩૯૮૩૦૩૪૧ / ૪૨

પ્રાપ્તિ સ્થાન:

ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઈવે,

અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, ૩૯૮૩૦૦૩૪

E-mail: balvignan@dadabhagwan.org

Available on online store : https://store.dadabhagwan.org/

Website: kids.dadabhagwan.org

પહેલી આવૃતિ : ૧૦૦૦ કોપી, નવેમ્બર : ૨૦૧૮

મુલ્ય: ₹ ૧૨૦/– *(૪ બુકનો સેટ)*




# ઓરીંગટનમાં ઊજવણી

બુક - ૧૦

રોનાએ ઓરીગ્સને બનાવ્યા એ વાતને હવે એક વર્ષ થવા આવ્યું હતું. તેની એવી ઈચ્છા હતી બધા ઓરીગ્સ ભેગા મળીને તેમની પહેલી વર્ષગાંઠની ઉજવણી કરે.

'આવતા અઠવાડિયે આપણે બધા સ્ટ્રીટ પાર્ટી કરવાના છીએ.' રોનાએ ખુબ જોશમાં આવીને જાહેરાત કરી ત્યારે બધા ઓરીગ તેની આજુબાજુમાં જ ગોઠવાયેલા હતા.

'પાર્ટીમાં આપણે ખાઈશું, મ્યુઝીક સાંભળીશું, ડાન્સ કરીશું અને સરસ મજાની વાર્તાઓ પણ સાંભળીશું. તમે બધાએ આ વર્ષ દરમ્યાન જે કંઈ શીખ્યું છે તે બધા અનુભવો મારે તમારી પાસેથી સાંભળવા છે.'



બધા ઓરીગ પાર્ટીની વાત સાંભળીને ઉત્સાહમાં આવી ગયા. રોનાના ગયા પછી નોએલે બધા ઓરીગ્સને ભેગા કર્યા અને પોતાનું સર્જન કરવા માટે બધા ઓરીગ્સ રોનાને શું ભેટ આપી શકે, તેની તેઓ ચર્ચા કરવા લાગ્યા.

‘હું રોના માટે કેક બનાવીશ.’ ઓલીએ સુઝાવ આપ્યો.

‘હું તેના માટે એક સુંદર ચિત્ર બનાવીશ.’ ગ્રેવિને કહ્યું.

આમ એક પછી એક દરેક ઓરીગ રોનાને ભેટ આપવા માટે જુદા જુદા આઈડિયા રજુ કરવા લાગ્યા.




'તમારા બધાના આઈડિયા સરસ છે.' નોબલ નોએલે કહ્યું, 'પણ આપણે બધાએ ભેગા મળીને તેને એક એવી ખાસ ભેટ આપવી જોઈએ કે જે તેને હંમેશા યાદ રહે.'

બધા ઓરીગ્સ વિચારમાં પડી ગયા.

'મને ખબર છે.' પેટ્રિકે બૂમ પાડીને કહ્યું. તે ખુબ જ જોશમાં હતો.

"સુપર્બ" બધા ઓરીગને તેનો આઈડિયા ખુબ જ ગમી ગયો.

અને બધા પાર્ટીના દિવસ માટેની તૈયારીમાં લાગી ગયા, એક પણ ફરિયાદ કર્યા વગર.



ફુગ્ગા ફુલાવવા માટે ગ્રેવિનને જરાય ગુસ્સો નહોતો આવ્યો. ઓલી અને જોઆનાએ સાથે મળીને કેક બનાવી. પીટર, સ્ટેન્લી અને લેન્સલીએ ફુગ્ગાઓ, ધજાઓ અને બેનરથી મેઈન ટાઉન હોલને શણગાર્યો. નોએલ, લોરા અને સેમ્યુઅલે ખાવાની વસ્તુઓની ગોઠવણી કરી. ટોમ, સલ્કી વલ્કી અને હેગ્રીડે સંગીત અને રમત-ગમતનું આયોજન કર્યું. બધાએ ખુબ મહેનતથી પાર્ટીની તૈયારીઓ કરી.



આખરે પાર્ટીનો દિવસ આવી ગયો. બધા ખુબ જ જોશમાં હતા. રોના સુંદર રેડ કલરનો ડ્રેસ પહેરીને આવી. ઓરીગ્સ દ્વારા શાનદાર રીતે શણગારાયેલા ઓરીંગટનને જોઈને તેને ખુબ ગર્વ થયો. પાર્ટી ચાલુ થઈ. સંગીત ચાલુ થયું. મોટા ટેબલ પર ભોજનની ગોઠવણી કરવામાં આવી. બધા ઓરીગ્સ એકબીજા સાથે વાતો કરવામાં મશગુલ હતા. બધું એકદમ બરાબર ચાલી રહ્યું હતું અને અચાનક...



'ધડામ ! જોરદાર પવન ફૂંકાયો અને ટેબલ પરના કાચના વાસણો ખખડી ઉઠ્યા.'

થોડીવારમાં બીજો અને ત્રીજો ધડાકો થયો. આ વખતે કાચના વાસણો હવામાં ઉછળીને જમીન પર પટકાયા. બધું ખાવાનું-પીવાનું જમીન પર ઢોળાઈ ગયું.

બધા એકદમ ચોંકીને એકબીજા સામે જોવા લાગ્યા. બધાની આંખોમાં ડર પેસી ગયો હતો.


TOWN HAL

'હે ભગવાન !' ટાઉન હોલ તરફ ઈશારો કરતા સ્ટેનલીએ બુમ પાડી.

ક્યાંકથી આમ અચાનક આવેલા વાવાઝોડાએ આખા મકાન અને બધા ઓરીગ્સને હચમચાવી મુક્યા. તેનાથી છુટકારો મેળવવા તેઓ જેમ જેમ પ્રયત્નો કરતા ગયા તેમ તેમ તેઓ વધારે ને વધારે ફસાતા ગયા.

"ડરવાની કોઈ જરૂર નથી." બધાને શાંત પાડવાનો પ્રયાસ કરતા રોનાએ જોરથી બૂમ પાડીને કહ્યું. પણ વાવાઝોડાનો પ્રકોપ વધી ગયો અને બધે જાણે તોફાન મચી ગયું. બધા હોલની અંદર સલામત જગ્યાએ પહોંચવા માટે ચીસો પાડતા પાડતા આમ તેમ દોડવા લાગ્યા.



કેળાની છાલ પગ નીચે આવતા સલ્કી વલ્કી પડી ગઈ અને તેમો ઘૂંટણ છોલાઈ ગયો. ટોમ સલ્કી વલ્કીની ઉપર જઈને પડ્યો. પડતા પડતા તેના હાથથી થોડા ફુગ્ગા ખેંચાયા અને તેમના ફૂટવાનો મોટો અવાજ થયો. આ અવાજ એટલો ભયાનક હતો કે તે સાંભળીને અમુક ઓરીગ્સ તો રડવા જ લાગ્યા.

લગભગ એક કલાક પછી પવન શાંત થયો. બધા ઓરીગ ટાઉન હોલની બહાર ભેગા થયા.

'બધું કેવું બરબાદ થઈ ગયું.' રોનાએ અત્યંત નિરાશ થઈને કહ્યું, 'પાર્ટીનું તો સત્યનાશ થઈ ગયું.'



રોના માથું પકડીને નિરાશ થઈને બેસી ગઈ અને રડવા લાગી. આ જોઈને બધા ઓરીગ્સ સ્તબ્ધ થઈ ગયા. ચોંકી ગયા કારણકે તેમણે રોનાને પહેલા ક્યારેય આમ રડતી જોઈ નહોતી.

તેમણે એકબીજા સામે જોયું અને જાણે હવે શું કરવું જોઈએ તે સમજાઈ જતા બધાએ માથું હલાવ્યું. આખરે બધા ઓરીગ વિચારશીલ તો હતા જ.

રોનાને શાંત પાડવા માટે લોરા તેને તેના ઘરે લઈ ગઈ.



'આ પી લે.' 'ગરમ ચાનો કપ હાથમાં લઈને તે બોલી, આનાથી તને સારું લાગશે.'

રોનાએ એક ઘૂંટડો પીધો. તેને રાહત થઈ.

'થેન્ક યુ.' તેણે કહ્યું, 'હું તો તમને બધાને આનંદ થાય એવું કરવા માંગતી હતી. તેને બદલે...'

'તને કોણે કહ્યું કે અમને આનંદ નથી થયો ?' લોરાએ હસીને કહ્યું.

'હા, પણ જ્યારે બધા પાર્ટીમાં મઝા કરી રહ્યા હતા ત્યારે...' ફરીથી એ બનાવ યાદ આવતા રોના પાછી નિરાશ થઈ ગઈ. લોરા તેને ભેટી પડી.

જ્યાં સુધી રોના પાર્ટીમાં પાછા જવા માટે તૈયાર ન થઈ ત્યાં સુધી લોરા તેની બાજુમાં બેસી રહી.



થોડીવાર પછી લોરા અને રોના ટાઉન હોલમાં ગયા. ત્યાંની હાલત જોઈને રોનાની આંખો પહોળી થઈ ગઈ.

'સરપ્રાઈઝ!' બધા ઓરીગ્સ એકસાથે બોલી ઉઠ્યા.

'આ બધું શું ચાલી રહ્યું છે ? અને આ કેવી રીતે થયું ?' રોના પાસે બોલવા માટે હવે શબ્દો જ નહોતા.

બધા ઓરીગ્સે ભેગા મળીને કચરો સાફ કરી લીધો હતો, બધુ ગોઠવી દીધું હતું અને ફરીથી પહેલાની જેમ જ પાર્ટીની તૈયારી શરૂ કરી દીધી હતી.

એમ લાગતું હતું કે જાણે કોઈ વાવાઝોડું આવ્યું જ નહોતું. તેઓ ફરીથી એક અદ્ભૂત પાર્ટી માટે તૈયાર થઈ ગયા હતા.



બધાએ પોતાના અનુભવો કહ્યા. તેમની પ્રભાવશાળી વાતો સાંભળીને રોનાએ તેમને તાળીઓથી વધાવી લીધા. તે ખૂબ ખુશ હતી.



ઓરીગ્સને લાગ્યું કે તેમના સર્જનકારને ખાસ ભેટ આપવાનો સમય હવે આવી ગયો હતો. ‘આ તારા માટે અમારા બધા તરફથી’ પેક કરેલું પાર્સલ આપતા નોએલે કહ્યું. ‘મારા માટે ?’ રોના આશ્ચર્ય અને આનંદની વચ્ચે ઝોલા ખાવા લાગી. તેણે ધીમેથી પાર્સલ ખોલ્યું. તેમાં ઈન્દ્રધનુષના બધા જ રંગોથી બનેલી એક સુંદર બુક હતી !

‘બુક ઓફ હેપીનેસ’, બુકના પૂંઠા પર પોતાની આંગળીઓ ફેરવતા રોનાએ વાંચ્યું, ‘વાહ ! ખૂબ સુંદર છે.’




'હું સલ્કી વલ્કી છું
અને હું મોટા દિલની બનીને
બધામાં ખુશી ફેલાવીશ.'
'હું લેઝી લોચેનેલ છું
અને હું સિન્સિયર બનીને બધામાં
ખુશી ફેલાવીશ.'

તેણે બુક ખોલી. દરેક પાનાની શરૂઆતમાં દરેક ઓરીગના ગુણો લખેલા હતા અને તેની નીચે તેમના અનુભવો લખેલા હતા.




આમ એક પછી એક બધાના વિશે લખ્યું હતું. રોનાએ છેલ્લા પાનાં સુધી જ બધું વાંચ્યું.

‘અમને આશા છે કે તને આ ગમ્યું હશે,’ આનંદિત થઈને નોએલે કહ્યું, ‘જે પણ આ વાંચશે તેને સારી પ્રેરણા મળશે.’

‘અને તે પણ ખુશી ફેલાવતો થઈ જશે,’ રોનાએ તેનું વાક્ય પૂરું કર્યું. ‘ગ્રેટ આઈડિયા છે.’

‘આ તારા માટે છે.’ નોએલે ખુશ થતા કહ્યું, ‘તારી દુનિયામાં જે તારા માનવ મિત્રો છે તેમને આપવા માટે અમે આવી વધારે બુક્સ બનાવીશું.’

પોતાના બનાવેલા નાનકડા ઓરીગ્સનું આ મહાન કામ જોઈને રોનાને બધા ઓરીગ્સ પર ગર્વ થવા લાગ્યો.




BOOK
OF
HAPPINESS

અને આમ નાનકડા ઓરીગનું જીવન ખુશી ખુશી પસાર થવા લાગ્યું.

રોનાએ પોતાના માનવ મિત્રો અને તેમના પરિવારને ઓરીગ દ્વારા બનાવેલી બુક 'બુક ઓફ હેપીનેસ' વહેંચી.

તેઓ પણ પોતાની જીંદગીમાં પોઝીટીવ રીતે બદલાવ લાવવા માટે પ્રભાવિત થયા.

આ ખુશી અગ્નિની જેમ બધે જ પ્રસરવા લાગી. રોના પણ વિચારમાં પડી ગઈ કે આ હકીકત છે કે જાદુ !!





બધા જ ઓરીગ્સ પાત્રો ફરીથી
એકસાથે ! એ લોકોનો શું પ્લાન હશે ?

GNC

ISBN 978-93-87551-05-3
9 789387 551053
Printed in India
₹ 120 (૪ બુકનો સેટ)